# સરઢવમાં ક્રિકેટ રમવાના મામલે પત્થરો ફેંકાયા

## દડો વાગતા મારામારી : સામસામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક સ્થિત સરઢવ ગામમાં ક્રિકેટ રમવાની બાબતે મામલો બિચકતા એક થી વધુ વ્યક્તિને ઈજા થવા પામી હતી. બનાવ સંદર્ભે પેથાપુર પોલીસમથકે બન્ને પક્ષે સામસામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સરઢવ ગામના વણકર વાસમાં ગઈકાલે રાત્રિ દરમ્યાન ક્રિકેટ રમવાના મામલે મારામારી થઈ હતી. ગામમાં ગઈકાલે ક્રિકેટ રમતા દડો વાગતા આરોપી મનુભાઈ બબાભાઈ પરમાર, નરેન્દ્ર મનુભાઈ, વિજય તેમજ રીંકુબેન પરમારે ગામમાં રહેતા પાર્થ નગીનભાઈ પરમાર સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ દરમિયાન ઉશ્કેરાટમાં આવીને આરોપીઓને છૂટા પત્થરો અને ઈંટો ફેંકી તેમને ઈજા પહોંચાડી હતી. બનાવ સંદર્ભે તેમણે પેથાપુર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામે પક્ષે પણ અન્ય ચાર સામે પોલીસ ફરિયાદ નોંધાતા હેડ કોન્સ્ટેબલ વિઠ્ઠલજી કાળાજીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ અંતર્ગત ૧૦૦ પશુ આરોગ્ય મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

સમગ્ર રાજયમાં આઠમો કૃષિ મહોત્સવ-૨૦૧૨ તા.૬ મે-૨૦૧૨ થી શરૂ થનાર છે. ૩૦ દિવસ સુધી યોજાનાર કૃષિ મહોત્સવ-૨૦૧૨નું સુચારું આયોજન ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. કૃષિ મહોત્સવ અંતર્ગત પશુપાલન ખાતા દ્વારા જિલ્લાના ૩૦૮ ગામોના પશુપાલકોના કુલ- ૨,૮૧,૦૦૦ પશુઓનું રસીકરણ કરવામાં આવશે. તેમજ ૧૦૦ પશુ આરોગ્ય મેળાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ખેતી અને પશુપાલનનો વ્યવસાય આજે એક બીજાના પર્યાય બની ગયા છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર રાજયમાં પશુપાલનના વ્યવસાયનો વ્યાપ વધતો જાય છે. જે વાતને ધ્યાનમાં રાખીને રાજય સરકાર દ્વારા કૃષિ મહોત્સવની ઉજવણી સાથે પશુપાલન અંગેની લોકજાગૃતિ કેળવવા માટે અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન રાજયમાં થાય તેવા ઉમદા આશયથી પશુપાલન વિભાગ દ્વારા પણ ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

જિલ્લામાં કૃષિ મહોત્સવ દરમ્યાન જિલ્લાની પશુપાલન કચેરી દ્વારા ગાંધીનગર તાલુકામાં ૩૧, દહેગામ તાલુકામાં ૨૩, કલોલ તાલુકામાં ૨૫ અને માણસા તાલુકામાં ૨૧ મળીને કુલ-૧૦૦ પશુ આરોગ્ય મેળા યોજાનાર છે. તે ઉપરાંત ગાંધીનગર તાલુકાના ૭૫ ગામના ૮૦,૫૦૦, દહેગામ તાલુકાના ૯૫ ગામના ૮૦,૫૦૦, કલોલ તાલુકાના ૭૨ ગામના ૬૦,૦૦૦ તથા માણસા તાલુકાના ૬૬ ગામના ૬૦,૦૦૦ પશુઓ મળીને કુલ-૨,૮૧,૦૦૦ પશુઓનું રસીકરણ કરવામાં આવનાર છે.

તેની સાથે ગાંધીનગર અને દહેગામના ત્રણ-ત્રણ હજાર તથા કલોલ અને માણસાના બે-બે હજાર પશુઓ મળી કુલ- ૧૦ હજાર પશુઓનું કૃત્રિમ બીજ દાન કરાવવામાં આવશે. સમગ્ર જિલ્લા કૃષિ મહોત્સવ અંતર્ગત કુલ- ૧૫૪૦ ઘાસ ચારાની કીટનું વિતરણ કરવામાં આવશે. તેની સાથે સાથે ૪૫૦ ઉંટની ચકરીની દવાનું વિતરણ પણ કરાશે. આ સિવાય પશુપાલકોમાં પશુપાલન અંગેની લોક જાગૃતિ કેળવાય તે માટે અનેરું -દર્શન યોજવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



વિસનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્યસભામાં દીપ પ્રાગટ્ય કરતાં નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ શ્રી, ખોડાભાઈ પટેલ, મહામંત્રી શ્રી ખુશાલભાઈ મહંત શ્રી અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં સમર્પણ ધ્યાન શિબિર માટે તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૨૭

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના દિવ્ય સાંનિધ્યમાં શ્રી શિવકૃપાનંદ આશ્રમ ટ્રસ્ટ દ્વારા આયોજિત સમર્પણ મહાધ્યાન શિબિર તા. ૬ઠ્ઠી મેના રવિવારે સવારે પાંચથી સાત વાગ્યા સુધી રામકથા મેદાન સેકટર-૧૧ ખાતે સપરિવાર તથા મિત્રમંડળો સાથે યોજાનાર છે.

આ મહાધ્યાન સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના સાંનિધ્યમાં ગાંધીનગરમાં પ્રથમવાર સંપન્ન થઈ રહી છે.

સમર્પણ ધ્યાન ૮૦૦ વર્ષ પ્રાચીન આત્માનુભૂતિ પર આધારિત પધ્ધતિ છે. જેનો ઉદ્દેશ સમગ્ર માનવ સમાજ વચ્ચે આત્મિય સંબંધ સ્થાપિત કરવાનો છે.

આ ધ્યાન અતિ સરળ સહજ તેમજ નિઃશુલ્ક છે. સમાજનો કોઈ પણ વર્ગની વ્યક્તિ સરળતાથી અપનાવી શકે છે. નિયમિત ધ્યાન કરવાથી તનાવમુક્ત, રોગમુક્ત, વ્યસનમુક્ત બની શકાય છે. સદ્‌ગુરુના સાંનિધ્યમાં વિશ્વ ચેતના સાથે માત્ર જોડાઈ જવાથી આપ નિર્વિચારતાની સ્થિતિ પ્રાપ્ત કરી શકો છો.

સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીનું વીડિયો પ્રવચન જી.ટી.પી.એલ ભક્તિ ચેનલ પર સવારે ૬-૩૦ સવારે પ્રસારણ થાય છે.

ધ્યાન માટે સવારે ૪-૩૦ કલાકે દરેક સાધકોએ પોતાનું સ્થાન સંભાળી લેવા જણાવેલ છે.

# સે. ૨૬માં યુવતિએ મચ્છર મારવાની દવા ગટગટાવી

ગાંધીનગર, તા. ૨૭

સે. ૨૬માં જી.આઈ.ડી.સી. વિસ્તારના છાપરામાં રહેતી યુવતિઓ આજે બપોરે કોઈ કારણોસર મચ્છર મારવાની દવા ગટગટાવતા તેણીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૨૬ના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં છાપરામાં રહેતી મંજુલા બાદરસિંહ દરબારે આજે બપોરે એક વાગ્યાના અરસામાં કોઈ કારણોસર મચ્છર મારવાની દવા ગટગટાવી હતી. જેના લીધે યુવતિની તબિયત લથડતા તેણીને સારવાર અર્થે રાંધેજા આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાઈ હતી.ત્યારબાદ ત્યાંથી વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ સંદર્ભે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ સુરસંગજીએ વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લા સ્વીમીંગ સિલેક્શન ટ્રાયલ ૧૩મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા સ્વીમીંગ એસોસિએશન દ્વારા આગામી ૨૬ અને ૨૭મી મે ના રોજ યોજાનાર સબ જુનિયર, જુનિયર ગુજરાત સ્ટેટ એક્વેટીક ચેમ્પીયનશીપમાં જોડાવા માટેની ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સ્વીમીંગ સિલેક્શન ટ્રાયલ-૨૦૧૨ ૧૩ મેના રોજ યોજાશે.

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોસીએશનનાં પ્રમુખ વિપુલભાઈ પટેલનાં જણાવ્યા અનુસાર ૨૯મી સબ-જુનિયર અને ૩૯મી જુનિયર ગુજરાત સ્ટેટ એક્વેટીક ચેમ્પીયનશીપ-૨૦૧૨ ગૂજરાત વિદ્યાપીઠ સ્વીમીંગપુલ, આશ્રમ રોડ, અમદાવાદ મુકામે તા. ૨૬ અને ૨૭ મે-૨૦૧૨નાં રોજ યોજવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકો માટેની ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ સીલેક્શન ટ્રાયલ-૨૦૧૨નાં ૧૩મી મે ૨૦૧૨નાં રોજ જીમખાના સ્વીમીંગ પુલ, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે યોજવાનું નક્કી કર્યું છે. તો તે માટેનાં એન્ટ્રી ફોર્મ જીમખાના સ્વીમીંગ પુલ, સેક્ટર-૧૯ ખાતેથી મેળવી શકાશે. તેમજ એન્ટ્રી ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૨ મે ૨૦૧૨ રહેશે. જેની સૌ રસ ધરાવતા નગરજનોએ નોંધ લેવી

# સે-૩ દેરાસરની નવમી સાલગીરા ૩૦મીએ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૭

શ્રી આદિશ્વર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘનાં દહેરાસરની નવમી સાલગીરા તા. ૩૦ મી એપ્રિલના રોજ ધ્વજારોહણનો પાવન પ્રસંગનું આયોજન થયેલ છે. ગાંધીનગરના તમામ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘોએ હાજરી આપવા જણાવવામાં આવેલ છે. ૩૦મી એપ્રિલની સવારે ૮-૩૦ કલાકે નવકારથી થશે. સવારે ૭-૩૦ કલાકે પૂજા સામાયિક મંડળની બહેનો ભણાવશે. ધ્વજારોહણ સવારે ૯ કલાકે યોજાશે. સત્તર ભેદી પૂજા ભણાવનારને આરતીનો લાભ આપવામાં આવશે. પૂજા દરમિયાન શાંતિ કળશનો આદેશ આપવામાં આવશે.

# ડૉ. પ્રશાંત મેરજાની ૪થી વાર્ષિક સ્મૃતિએ માનવ સેવાના ચતુર્થ કાર્યક્રમો યોજી સ્મરણાંજલિ અપાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની ઉભરતી પ્રતિભા સમા ડૉ. પ્રશાંત મેરજાનું ચાર વર્ષ પહેલા માર્ગ અકસ્માતે, યુવાન વયે કરૂણ દેહાવસાન થતા તેમની સ્મૃતિમાં સર્વરોગ નિદાન કેમ્પ, સુંદરકાંડ, બ્લડ ડોનેશન કેમ્પ તથા ક્રિકેટ ટુર્નામેન્ટ જેવા ચાર સેવા કાર્યોથકી સ્મરમાંજલિ અર્પવામાં આવી હતી.

સેવા અને સંસ્કારી સ્વભાવ ધરાવતા, ઉજ્જળ શૈક્ષણિક કારકિર્દીને વરેલા તેમજ ખેલકૂદ ક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવતા ડૉ. પ્રશાંત મેરજાનું ગરીબ દર્દીઓ માટે મફત સારવારનું એક સ્વપ્ન હતુ. જે સદેહે પુરુ ન થતા તેમના આ વિચારને અમર રાખવા ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા મોરબી ખાતે રામધન આશ્રમમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોરબીના નાક, કાન, ગળા, આંખ, હાડકા, દાંત, છાતી, ચામડી, સ્ત્રીરોગ, બાળરોગ જેવા વિવિધ વિષયના ૧૨ તજજ્ઞ ડોકટરો દ્વારા ગરીબ દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી. કેમ્પના આયોજક સન્ની મેરજાએ જણાવ્યું હતું કે આ મેડીકલ કેમ્પમાં ૫૩૮ જેટલા ગરીબ દર્દીઓને સારવાર ઉપરાંત મફત દવા અને ફળનો આહાર આપીને ડૉ. પ્રશાંતની માનવ સેવાની મહેચ્છાને મહેકતી રાખવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. સાથોસાથ તેમના સહધ્યાયી ડૉક્ટરો દ્વારા બ્લડડોનેશન કેમ્પ તથા ક્રિકેટ ટુર્નામેન્ટનું પણ સફળ આયોજન કરી ડૉ. પ્રશાંતને અદબભેર અંજલિ આપવાનો મિત્રધર્મ બજાવ્યો હતો. ડૉ. પ્રસાંતને બચપણથી મારૂતીવંદના પ્રિય હોય તેમના સ્મૃતિ દિને સુંદરકાંડનું પઠન કરી શ્રદ્ધાંજલિ અર્પવાનો સિલસિલો પ્રતિ વર્ષની જેમ જાળવી રાખવામાં આવેલ. ૪ વર્ષ દરમ્યાન ૯ જેટલા મેડીકલ કેમ્પ, ૪ ક્રિકેટ ટુર્નામેન્ટ, ૬ બ્લડ ડોનેશન કેમ્પ સહિત અનેક માનવસેવાની પ્રવૃત્તિઓ દ્વારા ડૉ. પ્રશાંતની યાદને સતત સ્મરણમાં રાખવાના પ્રયાસો ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યા છે.

# વરદાયીની માતાના મંદિરે શિવ પુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

*ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે આવેલા પ્રસિદ્ધ વરદાયીની માતાના મંદિરે તા. ૨૬મી એપ્રિલથી સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દરરોજ ૩ થી ૬ કલાક દરમિયાન શિવકથાનું રસપાન સંજયભારતી ગોસ્વામી કરાવશે.*

*શિવ મહાપુરાણ કથાના પ્રારંભે રમેશભાઈ પટેલના નિવાસેથી પોથીયાત્રા કાઢવામાં આવી હતી. જે વારાહી માતાના મંદિરે જઈ સૌ ભક્તો સાથે કથા સ્થળે પહોંચી હતી. રમેશભાઈ પટેલ, શાંતાબેન પટેલ, રાજુભા, મંદિરના મેનેજર ટ્રસ્ટી તથા મહિલા મંડળના દરેક સભ્યએ પૂજા આરતી સાથે પૂજા-આરતી કરી કથાનો પ્રારંભ કર્યો હતો. જે ૪થી મે સુધી ચાલશે. દરેક ભાવિક ભક્તોને તેનો લાભ લેવા આયોજકોએ ખાસ જણાવ્યું છે.*

# ગુનાખોરી અટકાવવા મહીલાઓને જાગૃત કરાશે

ગાંધીનગર, તા.૨૭

જયોતિ મહિલા મંડળ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેના અધ્યક્ષપદે આગામી તા. ૩૦ એપ્રિલના રોજ સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે બપોરે ૩.૩૦ કલાકે મહિલા જનજાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. રોજિંદા જીવન દરમિયાન મહીલાઓમાં ગુનાખોરી અટકાવવા વધુ જાગૃતતા કેળવાય તેવા આશયથી યોજાનારા આ સેમિનારમાં નગરની બહેનોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

# મારો વિદ્યાર્થી માત્ર અક્ષરજ્ઞાનમાં જ નહીં, સદાચારમાંય શ્રેષ્ઠ થવો જોઈએ

સાથેના બૉક્સમાં જણાવી તે નિત્ય પ્રાર્થના છે ગાંધીનગરના એક ટ્યુશન ક્લાસની. જી હા, જેમ સ્કૂલમાં અભ્યાસ શરૂ કરતા પહેલાં વિદ્યાર્થીઓને પ્રાર્થના કરાવવામાં આવે છે તેમ જ આ ટ્યુશન ક્લાસમાં પણ નિત્ય પ્રાર્થનાથી વિદ્યાર્થીઓનો અભ્યાસ શરૂ થાય છે. વિતી ગયેલાં વર્ષો દરમ્યાન અનેક વિદ્યાર્થીઓ અહીંથી અંગ્રેજીની તાલીમ લઈ ગયા અને હાલ જીવનનાં સફળ ક્ષેત્રોમાં પોતાનું નામ રોશન કરી રહ્યા છે. પોતાની આ સફળતા પાછળ પોતાના આ 'સર'નો પણ ફાળો નાનોસૂનો નથી એવું અનેક વિદ્યાર્થીઓ સ્વીકારે છે. કારણ કે તેમણે અહીં માત્ર અંગ્રેજીની તાલીમ નથી લીધી, તાલીમ લીધી છે સદાચારની, સદ્‌ભાવની અને તાલીમ લીધી છે પોતાનામાં રહેલા દિવ્ય તત્ત્વને ઓળખવાની અને તેને ઉજાગર કરવાની.

એક વિદ્યાર્થી જણાવે છે કે, 'અમે સરને ત્યાં ટ્યુશનનો આરંભ કર્યો ત્યારથી એમના ઘરના સભ્ય જેવા જ થઈ ગયા. પછી તો અમારી અભ્યાસ વિશેની કોઈ સમસ્યા હોય કે અંગત જીવનની કોઈ સમસ્યા હોય, અમે સર સાથે શૅર કરતા. મોટાભાગે સર અમને સમસ્યાનો ઉપાય દર્શાવતા અને એ ન મળે ત્યારે ઉપાય મળી જશે એવી હૈયાધારણ આપતા અને સમસ્યા સામે ઝઝૂમવા માટે અમને માનસિક રીતે તૈયાર કરતા. એ તાલીમ આજે અમને કામ લાગી રહી છે.'

'સાહેબ, તમારો છોકરો સિગારેટ પીવે છે એટલે હું એને ટ્યુશન નહીં કરાવું! આટલી નિષ્ઠા આજે પણ કોઈ યુવાન શિક્ષકમાં છે એ જાણીને મને આશ્ચર્ય થાય છે.' અન્ય એક વિદ્યાર્થી પોતાનો અનુભવ વર્ણવતાં જણાવે છે, 'અમારી બૅચનો એક વિદ્યાર્થી સિગારેટ પીતો હતો અને પછી ટ્યુશનમાં આવતો હતો. સરે તેને બે વાર ચેતવણી આપી પણ એ માન્યો નહીં તેથી સરે તેની બધી જ ફી પાછી આપી દીધી અને પોતાને ત્યાં ટ્યુશન ન આવવા કહ્યું. વિદ્યાર્થીના વાલીએ સરને ફોન કર્યો તો સરે બહુ સ્પષ્ટતાથી ટ્યુશન નહીં કરાવવા અંગેની સમજૂતી આપી દીધી અને વાલીએ અનેકવાર સમજાવ્યા તોય એકના બે ન જ થયા. હું માત્ર અંગ્રેજી ભાષાનું નહીં, સારી જિંદગીનું પણ ટ્યુશન આપું છું એવું સર ગર્વપૂર્વક બોલ્યા હતા એ આજેય અમારા કાનમાં ગૂંજે છે.'

> 'હે દિવ્ય ચેતના, મારો આજનો દિવસ નવો અને તાજગીપૂર્ણ છે. આજના અનોખા દિવસે મને મારા પ્રત્યેક કાર્યમાં ખૂબ જ મજા આવે છે. હે દિવ્ય ચેતના, મારી યાદ શક્તિને તુ હમેશા સતેજ રાખજે. મને મારા અભ્યાસના બધા જ વિષયો ખૂબ જ ગમે છે. હે દિવ્ય ચેતના, હું જે પણ અભ્યાસ કરું છું તે મને યાદ રહી જાય છે. હે દિવ્ય ચેતના, મારામાં આંતરિક શક્તિ અને ક્ષમતા છે. પડકારો ઝીલવા હું મક્કમ છું અને દ્રઢતાથી માનું છું કે વિજય મારો જ થાય છે. હે દિવ્ય ચેતના, તેં આપેલી ચુંબકીય શક્તિથી હું મારી જાતને સુખ અને સમૃદ્ધિ તરફ આકર્ષું છું. હે દિવ્ય ચેતના, સુખી થવા મારું સર્જન થયું છે અને સુખી થવું તે મારી ટેવ બની ગઈ છે. હે દિવ્ય ચેતના, મને સુખ, સમૃદ્ધિ, સંપત્તિ, સ્વાભિમાન, સત્યનિષ્ઠા, સંકલ્પબળ, સાચી સમજ, સહજતા, સરળતા, સજાગતા, સ્વસ્થતા, સહનશીલતા, સદ્‌વ્યવહાર, સદ્‌વિચાર, સદ્‌જ્ઞાન, સદ્‌બુદ્ધિ, સદ્‌ભાગ્ય, સદ્‌ભાવ, સદાચાર, સચ્ચિદાનંદ, શ્રદ્ધા, સોનેરી સપનાં, સરસ્વતી કૃપા, તન-મન-ધનની શાંતિ અપાવવા બદલ હું તારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ઓમ અસતો મા સદ્‌ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્માંમૃતમગમય. ઓમ શાંતિ: શાંતિ: શાંતિ: !'

**સંબંધ સજાવે જિંદગી**
**બલિહારી ગુરુ આપ કી**
- સ્વાતિબા રાઓલ
gsrelation@yahoo.com

ટંકશાળની જેમ નોટ્સ છાપતા અને માત્ર ગોખણિયા શિક્ષણથી વિદ્યાર્થીઓને માર્ક્સ લાવી આપતા ખાનગી ટ્યુશન ક્લાસીસના આ જમાનામાં પોતાના નામથી જ ગાંધીનગર શહેરમાં ટ્યુશન ક્લાસ ચલાવતા આવા સરનું ઉદાહરણ પણ છે કે જેમને પૈસા સાથે ઓછી નિસબત છે અને વિદ્યાર્થી સાથે વધુ, જેમને ભણતરની સાથે ગણતર પણ શ્રેષ્ઠ જ જોઈએ છે અને જેમને વિદ્યાર્થી માત્ર અક્ષરજ્ઞાનમાં જ નહીં, પરંતુ સદાચારમાંય શ્રેષ્ઠ થાય એવી મહત્ત્વાકાંક્ષા છે, જે એ માટે મહેનત પણ કરે છે.

પોતાની કુશળતાથી માતાપિતાના સંસ્કાર અને ગુરુજનોની કેળવણીને ઉજાગર કરી રહેલા આ સરે વિદ્યાર્થીઓને અંગ્રેજી અને જીવનશિક્ષણ ભણાવવા માટે પોતાની મૌલિક રીતે પ્રાર્થના પણ તૈયાર કરી છે અને વિદ્યાર્થીઓને એ પણ સમજાવ્યું છે કે તમારી અંદર જે દિવ્ય શક્તિ છે એ તમારો અવાજ સાંભળે છે અને તમે જેવું વિચારો છો, જેવું બોલો છો તેવું જ તમારી સાથે થાય છે કારણ કે એ દિવ્ય શક્તિ સાંભળે છે, સમજે છે અને તેથી તમારી સાથે એમ જ કરે છે. આ માટે હંમેશા સકારાત્મક વિચારો રાખો અને સકારાત્મક જ બોલો. અનેક વિદ્યાર્થીઓએ સરની આ મૌલિક શીખને અમલમાં મૂકી અને સડસડાટ સફળતાનાં પગથિયાં ચડીને આજે કારકિર્દીના શિખર પર બેઠા છે.

'નામ આપવાની જરૂર નથી. હું તો એક સામાન્ય શિક્ષક છું. માણસમાત્રમાં આટલી સારપ હોય છે અને માણસમાત્ર આવી પ્રેરણા કોઈને પણ આપી શકવા માટે સક્ષમ હોય છે. હું તો મારી પાસે આવેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપું છું. કારણ કે મને મારા માતાપિતાએ શીખવ્યું છે કે ઈશ્વરે આપણને જે શક્તિ આપી છે એનો ઉપયોગ સમાજના હિત માટે કરવો. એ જ હું કરી રહ્યો છું. પ્રસિદ્ધિની મને આવશ્યકતા નથી, મને થોડા નિષ્ઠ વિદ્યાર્થીઓની જ જરૂરિયાત છે, જે મને મળી રહે છે.' આ એ નમ્ર શિક્ષકનું નિવેદન છે, જે કારણે નામ અહીં નથી લખ્યું. પણ વાત તદ્દન સત્ય છે અને ગાંધીનગર શહેરની જ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૪
સૂર્યાસ્ત : ૦૭.૦૩

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર (હિન્દી) : ૧૦.૩૦
તેઝ : ૧.૩૦, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૦૦
**સ્ક્રીન-૩ :** તેઝ : ૧.૩૦, ૫.૦૦
ધ એવેન્જર (હિન્દી) : ૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૧.૧૫
**સ્ક્રીન-૪ :** લાઈફ કી તો લગ ગઈ : ૧૦.૦૦, ૫.૧૫
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦
તેઝ : ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૩ :** વીકી ડોનર : ૯.૩૦, ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
હેટ સ્ટોરી : ૫.૧૫
**સ્ક્રીન-૪ :** હેટ સ્ટોરી : ૯.૪૫, ૧૨.૪૫
હાઉસ ફુલ ૨ : ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

તેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જુરાસિક આઈલેન્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- બપોરે ૩.૦૦ કલાકે જાહેર આરોગ્ય વર્ગ-૩ ના અધિકારીઓ દ્વારા કાર્યક્રમ.

### સામાજિક

- આજ રાત્રે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ ગરબાનું આયોજન બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે યોજાશે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : ભાગ્યોદયની તક મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**વૃષભ** : સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં કાળજી રાખવી. કૌટુંબિક વિખવાદોમાં સંઘર્ષ ટાળવો. નોકરીમાં ઉપલા અધિકારીઓથી સાચવવું.

**મિથુન** : સામાજિક જવાબદારી હળવી બનતી જણાય. આરોગ્યની કાળજી રાખવી. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની શકે છે. વેપાર ક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કર્ક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. ભૌતિક સુખ-સુવિધામાં વધારો થતો જણાય. આરોગ્યમાં સુખાકારી જળવાઈ રહે. સમય સાનુકૂળ.

**સિંહ** : નવા સંબંધો બંધાશે. સત્સંગમાં તમે જોડાશો. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ બની રહે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં દિવસ મધ્યમ રહે.

**કન્યા** : અભ્યાસ- સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. નાણાંકીય સ્થિતિમાં સુધારો થઈ શકે છે. લેવડ -દેવડમાં કાળજી રાખવી.

**તુલા** : વેપાર -નોકરી અર્થે થયેલ પ્રવાસ લાભદાયી બની શકે છે. કુટુંબિજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે.

**વૃશ્ચિક** : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો ઉકેલ આવી શકે છે.

**ધન** : નોકરી- વેપાર ક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. આવકના સ્રોતમાં વધારો થઈ શકે છે. વાહન ચલાવવામાં કાળજી લેવી. એકંદરે સમય સાનુકૂળ.

**મકર** : દિવસ આનંદમય રીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

**કુંભ** : ઈષ્ટદેવની ઉપાસના ઈચ્છિત ફળ પ્રાપ્તિમાં સહાયક બની શકે શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વિદેશ પ્રવાસની શકયતા.

**મીન** : સ્થાવર મિલકતના પ્રશ્નો હલ થતાં જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ મળી રહે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. ચંચળબેન સુખાજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. તારાપુર, તા.જિ.ગાંધીનગર.
- સ્વ. ભીખાભાઈ સાંકાભાઈ પટેલ (ઉ.વ.૪૫) મુ. આલમપુર, તા.જિ. ગાંધીનગર.
- સ્વ. તખુબા માધુજી વાઘેલા (ઉ.વ. ૧૦૧) મુ.પો. લેંકાવાડા, તા.જિ. ગાંધીનગર.